# ૧૦ જૂન –૨૦૧૬ (શુક્રવાર)

**(૧) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પાંચ દેશોની વિદેશ યાત્રા :**

– તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ દેશ અફઘાનિસ્તાન કતાર, સ્વિત્ઝરલેન્ડ, અમેરિકા અને મેક્સિકોના પ્રવાસે થયા.

**અફઘાનિસ્તાન.**

– પ્રથમ ચરણમાં મોદી અફઘાનિસ્તાન પહોંચ્યા.
– ત્યાં તેમણે હેરાત પ્રાંતમાં રૂા. ૧૭૦૦ કરોડના ખર્ચે બનેલ સલમાં બંધનું ઉદ્‌ઘાટન કર્યું.
– ચિશ્ત એ શરિફ નદી પર બાંધવામાં આવેલ આ બંધનું નામ સલમાં બંધ હતું પરંતુ હવેથી ઇન્ડિયા–અફઘાન મૈત્રી બંધ હતું. પરંતુ હવેથી ઇન્ડિયા અફઘાન મૈત્રી બંધ રાખવામાં આવશે.
– ભારતના ૧૫૦૦ થી વધારે એન્જિનયરોની મદદથી આ બંધ બનાવવામાં આવ્યો છે.
– અફઘાન પ્રવાસ દરમિયાન મોદીને અફઘાનના સર્વોચ્ચ સન્માન અમીર અમાનુલ્લાખાનથી સન્માનીત કરવામાં આવ્યા.
– અફઘાનિસ્તાન રાષ્ટ્રપતિ : અશરફ ગની
– અફઘાનિસ્તાન રાજધાની – કાબુલ

**કતાર :**

– વડાપ્રધાન તેમના પ્રવાસના બીજા પડાવામાં કતારની રાજધાની દોહા પહોંચ્યા.
– ભારત–કતાર વચ્ચે હવાલો કૌભાડ અને આતંકવાદ રોકવા સાત કરાર થયા.
– આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ કતારની કંપનીઓને ભારતમાં રોકાણ કરવા અપીલ કરતી
– કતાર વડાપ્રધાન :

**સ્વિત્ઝરલેન્ડ :**

– વડાપ્રધાન મોદીએ સ્વિત્ઝર્લેન્ડના પ્રમુખ જોહાન સેંડર અમ્માન સાથે જીનીવા ખાતે બેઠક યોજી
– આ બેઠક બાદ સ્વિસ સરકારે ભારતને NSG ના સભ્ય બનાવવા સમર્થન આપ્યું.

**અમેરિકા**

– સૌથી મહત્વનો પડાવ અમેરિકા પહોંચ્યા બાદ મોદીએ અમેરિકા પ્રવાસનો પ્રારંભ ભારતીય મૂળની અંતરીક્ષ યાત્રી કલ્પના ચાવલાને પુષ્પાંજલી અર્પણ કરીને કર્યો હતો.
– આર્લિંગ્ટન નેશનલ સિમેટ્રી ખાતે વડાપ્રધાન મોદીને ૧૯ બંધુકોની સલામી અપાઇ હતી.
– ભારતમાંથી દાણભોરી કરીને લઇ જવાયેલી દુર્લભ સાંસ્કૃતિક મુર્તિઓ અમેરિકાએ પરત આપી.
– આ કલાકૃતિઓ ૨૦૦૦ વર્ષ જૂની તથા તેમની અંદાજીત કિંમત ૧૦ કરોડ ડોલર છે
– આ પ્રવાસ દરમિયાન ભારત– અમેરિકાએ આતંકવાદ સામે સહકાર સહીત ૬ કરાર કર્યા.
– વડાપ્રધાન મોદી અમેરિકી સંસદને સંબોધન કરનારા પાંચમા ભારતીય વડાપ્રધાન બન્યા, અગાઉ રાજીવ ગાંધી, પીવી નરસિંહરાવ, અટલ બિહારી વાજપાઇ અને મનોહરસિંઘ સંબોધન કરી ચૂક્યા છે.
– અમેરિકા પ્રમુખ બરાક ઓબામાએ ન્યુક્લિયર સપ્લાયર ગૃપ (એનએસજી) માં ભારતના સમાવેશનો મુદ્દે સમર્થન આપ્યું હતું.
– આ ઉપરાંત ભારતનો મિસાઇલ ટેકનોલોજી કેંટ્રોલ રિજાઇમાં (NSG) માં સમાવેશ થવાનો માર્ગ મોકળો થયો.
– ૩૪ દેશના મિસાઇલ ટેકનોલોજી ગ્રૃપમાં સર્વાનુમતે સ્થાન મળતા ભારત અત્યાધુનિક મિસાઇલ ટેકનોલજી અને ડ્રોન વિમાનો ખરીદી શકશે.
– મિસાઇલ ટેકનોલોજી કંટ્રોલ રીઝાઇમ શું છે ?
– ‘માનવ રહીત પરમાણુ શસ્રોને લઇ જવા સક્ષમ મિસાઇલ ટેકનોલોજીનો સામૂહિક નરસંહાર માટે ઉપયોગ ન થાય એ માટેને ગૃપ.
– MTCR ની સ્થાપના વર્ષ ૧૯૮૭માં કરાઇ હતી. જેના ૩૪ સભ્ય દેશ છે.
– MTCR પ્રવેશી ભારત હવે વિકસીત દેશો પાસેથી હાઇ મિસાઇલ ખરીદી શકશે અને પોતાની ટેકનોલોજી વહેંચી પણ શકશે.
– ભારતને MTCR સ્થાન મળતા જ ભારતે અમેરિકા સાથે એક મહત્વનો કરાર કર્યો જેમા ભારતમાં અમેરિકાની મદદથી છ પરમાણુ રિએક્ટર ઉભા કરવામાં આવશે.

**મેક્સિકો :–**

– વડાપ્રધાન તેમના પાંચ દેશોના પ્રવાસના અંતિમ પડાવમાં મેક્સિકો પહોંચ્યા.
– મેક્સિકોના રાષ્ટ્રપ્રમુખ એનરિક પેના નેતાએ મોદી સાથે મુલાકાત બાદ ભારતને એન.એસ.જી.માં સભ્યપદ અંગે સમર્થન આપ્યું.

**(૨) ભારત વિયેતનામને બ્રહ્મોસ મિસાઇલ વેચશે :**

– ભારત હવે પોતાની આધુનીક ક્રુઝ મિસાઇલ બ્રહ્મોસ વિયેતનામને વેચશે.
– બ્રહ્મોસ મિસાઇલ ભારતન અને રશિયા બંનેએ મળીને તૈયારી કરી છે.
– બ્રહ્મોસ જમીન પાણી અને આકાશમાથી મારણ કરવા સક્ષમ છે.
– વિયેતનામ ઉપરાંત અન્ય ૧૫ દેશો પણ બ્રહ્મોસ ખરીદી માટે તત્પર છે.

**(૩) રાજકોટમાં સૌપ્રથમ વખત ટેસ્ટમેચ રમાશે.**

– ગુજરતના રાજકોટ સહીત છ સ્ટેડીયમને ટેસ્ટ ક્રિકેટનો દરજ્જો મળતા આગામી વર્ષમાં ટેસ્ટ ક્રિકેટ રમાશે.

- આ શહેરોમાં રાજકોટ, પૂણે, વિશાખાપટ્ટનમ્ ધર્મશાલા, રાંચી અને ઇંદોર સામેલ છે.

**(૪) ઉમેશ સચદેવ**

ભારતના ૩૦ વર્ષના ઉદ્યોગ સાહસિક ઉમેશ સચદેવનો વિશ્વના પ્રતિષ્ઠિત સામાયિક ટાઇમના ૨૦૧૬ના દુનિયાને બદલી નાખનાર લોકોના લિસ્ટમાં સમાવેશ થયો.

- ઉમેશ સચદેવ વિકસાવેલો ફોન મુશ્કેલી વખતે ૨૫ સ્થાનિક ભાષા સમજી શકે છે એટલે તેમને મદદ પહોંચાડવી સરળ બને છે.
- ૨૫ ભાષા અને ૧૫૦ બોલીઓ ઉકેલી શક્તો આ ફોનની શોધ ટાઇમના મતે યુગપરિવર્તક છે.

પ્રશ્નો :

(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂન–૨૦૧૬માં ક્યાં પાંચ દેશોની મુલાકાત લીધી ?
- અફઘાનિસ્તાન, કતાર, સ્વિત્ઝર્લૅન્ડ, અમેરિકા, મેક્સિકો

(૨) વડાપ્રધાન મોદીએ અફઘાનિસ્તાનમાં સલમાં બંધનું ઉદ્‌ઘાટન કર્યું તે બંધનું નામ હવે શું રાખવામાં આવ્યું ?
- ઇન્ડિયા અફઘાન મૈત્રી બંધ

(૩) અફઘાનિસ્તાન રાષ્ટ્રપતિ
- અશરફ ગની

(૪) અફઘાનિસ્તાન રાજધાની
- કાબુલ

(૫) ભારત–કતાર વચ્ચે કુલ કેટલા કરાર થયા ?
- સાત

(૬) કતાર રાજધાની
- દોહા

(૭) કતાર વડાપ્રધાન ?
- અબ્દુલ્લા બીન નાસેર બીન ખલીફા અલ થાની

(૮) વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પાંચ દેશનો યાત્રા દરમિયાન ક્યા ત્રણ દેશોએ ભારતના એનએસજીમાં સમાવેશ મુદ્દે સમર્થન કર્યું હતું ?
- સ્વિત્ઝર્લૅન્ડ, અમેરિકા, મેક્સિકો

(૯) અમેરીકા ખાતે નરેન્દ્ર મોદીએ કોને પુષ્પાજંલી અર્પી હતી ?
- કલ્પના ચાવલા

(૧૦) અમેરિકાએ ભારતને શું પરત આપ્યું ?
- ભારતમાંથી દાણચોરી થયેલી ૨૦૦૦ વર્ષ પહેલાની સાંસ્કૃતિક મૂર્તિઓ

(૧૧) ભારત– અમેરીકા વચ્ચે કેટલા કરાર થયા ?
- છ

(૧૨) ભારત– અમેરિકી સંસદને સંબોધનારા કેટલામાં વડાપ્રધાન બન્યા
- પાંચમા

(૧૩) NSG નું પુરૂનામ સપ્લાય ગૃપ
- ન્યુક્લિયર સપ્લાયર ગૃપ

(૧૪) MTCR નું પુરૂનામ જણાવો.
- મિસાઇલ ટેકનોલોજી કંટ્રોલ મિસાઇલ

(૧૫) મેક્સિકો રાષ્ટ્રપ્રમુખ ?
- એનરિક પેના નૈતો

(૧૬) ભારત કયા દેશને બ્રહ્મોસ મિસાઇલ વેચશે ?
- વિયેતનામ

(૧૭) બ્રહ્મોસ મિસાઇલ ક્યાં બે દેશ મળીને તૈયારી કરી છે.
- ભારત રશિયા

(૧૮) આગામી સમયમાં ગુજરાતના ક્યાં સ્ટેડીયમમાં પ્રથમ વખત ટેસ્ટમેચ રમાશે ?
- ખંઢેરી સ્ટેડીયમ, રાજકોટ

(૧૯) ઉમેશ સચદેવનું ક્ષેત્ર જણાવો
- ઉદ્યોગપતિ

(૨૦) તાજેતરમાં પ્રખ્યાત ટાઇમ મેગેઝીને ઉમેશ સચદેવને તેમની કઇ શોધ બદલ દુનિયાને બદલી નાખનારા લોકોમાં સમાવેશ કર્યો.
- ૨૫ ભાષા સમજી શકે એવા ફોનની શોધ.

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧